# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૧૦/૦૪/૨૦૨૬ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૫૦૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૪ કેસ કરી, ૬૧ વ્યક્તિઓને ઝડપી, ૪૧૮ લીટર દેશી દારૂ, ૧૮૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૦૧૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૬૭ બિયર ટીન, ૦૫ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૨,૨૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ–** **સમાચાર યાદી નં.૫૧૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૫૧૧/૨૦૨૬**

**ઓઢવઃ** સંજયભાઈ મુળજીભાઈ પરમાર (ઉ.વ.૫૪)(રહે.શ્રીનાથજી પાર્ક સોસાયટી પાણીની ટાંકી પાસે સિંગરવા ઓઢવ) એ તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૨/૨૦૨૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે અજાણ્યા મોબાઈલ નંબર ૯૮૨૮૭૦૧૫૬૫ ના ધારકે સંજયભાઈ પરમારના ફોનમાં ખોટો મેસેજ કરતા તે મેસેજ સંજયભાઈએ સાચો માની તે એપ્લીકેશન ડાઉનલોડ કરતા સંજયભાઈના ક્રેડીટ કાર્ડમાંથી રૂપીયા ૧,૮૫,૩૬૨/– ટ્રાન્સફર કરી લઈ સંજયભાઈ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી પી.એન.ઝિંઝુવાડીયા ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૫૧૨/૨૦૨૬**

**પાલડીઃ** ભુપતભાઈ ચકુભાઈ ચૌહાણ (ઉ.વ.૬૨)(રહે.ઉચાળી ફળીયુ ગામઃ– ભોળાદ તા–ધોળકા જી.અમદાવાદ ગ્રામ્ય) એ તા.૦૯/૦૪/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૩/૨૦૨૬ બપોરના ૩/૧૫ થી ૩/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન જમાલપુર કુલ બજાર થી પાલડી જયુસ સેન્ટર સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ ત્રણ અજાણ્યા પુરૂષએ ભેગામળી ભુપતભાઈની નજર ચુકવી તેમના પેન્ટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– ચોરી કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.પી.વાળા ચલાવે છે.

**ટ્રેઈન સાથે અથડાઈ જતા મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૫૧૩/૨૦૨૬**

**વસ્ત્રાપુરઃ** બાબુલાલ મંગળાભાઈ મીણા (ઉ.વ.૪૦)(રહે.ભમ્મરીયાના છાપરા સોલા બ્રીજની બાજુમા વસ્ત્રાપુર) તા.૦૯/૦૪/૨૦૨૬ સવારના આશરે ૮/૩૦ વાગ્યાના સુમારે સોલા બ્રીજની બાજુમા રેલ્વે કી.મી.થાભલા નં.૫૦૮/૨૯ ની નજીક ટ્રેઈન સાથે અથડાઈ જતા શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાજલબેન ગોરધનભાઈ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર ચાદી નં.૫૧૪/૨૦૨૬**

**મેઘાણીનગરઃ** રિતેશ સુંદરદાસ ખત્રી (ઉ.વ.૨૯)(રહે.રાજાવીર એપાર્ટમેન્ટ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૪/૨૦૨૬ સવારના ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ. શ્રી એન.જે.પરમાર ચલાવે છે.

**ઓઢવઃ** કુંદનબેન વા/ઓ અનિલભાઈ ચૌહાણ (ઉ.વ.૨૫)(રહે.ઈન્દીરા આવાસ યોજના પાણીની ટાંકી પાસે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૪/૨૦૨૬ સાંજના ૫/૦૦ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.ખરાડી ચલાવે છે.

**વટવાઃ** આશીષ સ/ઓ જશંતભાઇ મહીડા (ઉ.વ.૨૭)(રહે.નીલ–૦૧/૩૦૨ અયોધ્યા એપાર્ટમેન્ટ વટવા) એ પોતાની પત્ની રિસામણે હોય મનમાં લાગી આવતા તા.૦૯/૦૪/૨૦૨૬ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં રસ્સી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી યુવરાજસિંહ કલુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી